
શુભ રાત્રિ, ઘુવડ!

પેટ હચીન્સ



ઘુવડ કેવી રીતે સૂઈ શકે, જયારે
મધમાખીઓ ગણગણાટ કરતી હોય,
કાગડા ક્રા-ક્રા કરતા હોય, પક્ષીઓ
કલબલાટ કરતા હોય - અને ખોખલા
ઝાડના બધા અન્ય નિવાસી શોર મચાવી
રહ્યા હોય અને જોર-જોરથી અવાજ કરી
રહ્યા હોય?

ઘુવડે સૂવાની ઘણી કોશિશ કરી, પણ
એને માટે એ અસંભવ હતું.




શુભ રાત્રિ, ઘુવડ!

પેટ હચીન્સ



ઘુવડ સૂવાની ઘણી કોશિશ કરે છે.



મધમાખીઓ ગણગણાટ કરે છે,

ગણગણ- ગણગણ, ગણગણ-ગણગણ,

અને બિચારું ઘુવડ સૂવાની કોશિશ કરે છે.



ખિસકોલી અખરોટ ફોડે છે,

ભચડ- ભચડ, ભચડ-ભચડ,

અને બિચારું ઘુવડ સૂવાની કોશિશ કરે છે.



કાગડા જોરથી અવાજ કરે છે,

ક્રા-ક્રા- ક્રા-ક્રા, ક્રા-ક્રા-ક્રા-ક્રા,


અને બિચારું ઘુવડ સૂવાની કોશિશ કરે છે.



લક્કડખોદ પક્ષી ઝાડના થડ પર ચાંચ મારે છે,

ખટખટ-ખટખટ, ખટખટ-ખટખટ,

અને બિચારું ઘુવડ સૂવાની કોશિશ કરે છે.





કાબર એકધારો અવાજ કરે છે,

કલબલ-કલબલ, કલબલ-કલબલ,

અને બિચારું ઘુવડ સૂવાની કોશિશ કરે છે.







નીલકંઠ પક્ષી અવાજ કરે છે,

આર્ક-આર્ક, આર્ક-આર્ક,

અને બિચારું ઘુવડ સૂવાની કોશિશ કરે છે.





કોયલ મીઠા સૂર માં ગાય છે,

કુહૂ-કુહૂ, કુહૂ-કુહૂ,


અને બિચારું ઘુવડ સૂવાની કોશિશ કરે છે.




નાનું રોબિન અવાજ કરે છે,

પિપ-પિપ, પિપ-પિપ,

અને બિચારું ઘુવડ સૂવાની કોશિશ કરે છે.





ચકલીનું ઝુંડ શોર મચાવે છે,

ચીં-ચીં, ચીં-ચીં,

અને બિચારું ઘુવડ સૂવાની કોશિશ કરે છે.









કબૂતર અવાજ કરે છે,

ગુટર-ગૂં, ગુટર-ગૂં,

અને બિચારું ઘુવડ સૂવાની કોશિશ કરે છે.





મધમાખી ગણગણાટ કરે છે, ગણગણ, ગણગણ,

ખિસકોલી અખરોટ ફોડે છે, ભચડ, ભચડ,

કાગડા જોરથી અવાજ કરે છે, ક્રા-ક્રા, ક્રા-ક્રા,

લક્કડખોદ પક્ષી ઝાડના થડ પર ચાંચ મારે છે,

ખટખટ-ખટખટ, ખટખટ-ખટખટ,

કાબર એકધારો અવાજ કરે છે, કલબલ-કલબલ,

નીલકંઠ પક્ષી અવાજ કરે છે, આર્ક-આર્ક, આર્ક-આર્ક,


કોયલ મીઠા સૂર માં ગાય છે, કુહૂ-કુહૂ, કુહૂ-કુહૂ,

નાનું રોબિન અવાજ કરે છે, પિપ-પિપ, પિપ-પિપ,

ચકલીનું ઝુંડ શોર મચાવે છે, ચીં-ચીં, ચીં-ચીં,

કબૂતર અવાજ કરે છે, ગુટર-ગૂં, ગુટર-ગૂં,

એને કારણે બિચારું ઘુવડ સૂઈ નથી શકતું.



ત્યાં અંધારું થાય છે અને ચંદ્રમા ઉપર આવે છે.

કોઈ અવાજ નથી, બધું શાંત છે.

ઘુવડે ચિત્કાર કર્યો,

ચિચિયારી, ચિચિયારી,

અને બધાને જગાડી દીધા.

